

P.07

વાળની સંભાળ રાખવામાં અસમર્થ, મોંઘા ઉત્પાદનો બગડ્યા : હિના ખાન


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૩૩૪ I વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ સુદ ૧૩ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 334 • Dt.08-07-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.07

યામી ગૌતમે તેના પતિની ફિલ્મ 'ધુંધર' પર પ્રેમ વરસાવ્યો



ટેક્સાસમાં ગુઆડાલુપ નદીનો પ્રકોપ,૨૬ ફૂટ વધ્યું I હજારો ઘરો ડૂબી ગયા; ૮૨ લોકોના મોત



07


08
JULY- 2025
TUESDAY




07

૨૦મી સદીમાં રચાયેલી વૈશ્વિક સંસ્થાઓમાં બે તૃતીયાંશ માનવતાને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું નથી : નરેન્દ્ર મોદી

ભાડીયા અને માંડવીને જોડતો કોઝ વે તૂટ્યો

ઘોધમાર વરસાદ વરસતા અહીંયાના રોડ રસ્તા પર જાણે કે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા

# કચ્છ જિલ્લામાં ભારે વરસાદને કારણે અનેક ડેમ ઓવરફ્લો

## સતત બે દિવસથી માનકુવામાં અંદાજે ૧૦ ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે I બીજી તરફ માંડવીમાં પણ ભારે વરસાદને કારણે અનેક રોડ ધોવાઈ ગયા છે

I પ્રતિનિધિ, ભુજ, તા.૭ I

કચ્છમાં સવારથી ભારે વરસાદને કારણે અનેક ડેમ ઓવરફલો થયા છે. સાથે જ અહીંયા ભારે વરસાદને કારણે ભાડીયા માંડવીને જોડતો કોઝ વે પણ તૂટી ગયો છે. ધોધમાર વરસાદ વરસતા અહીંયાના રોડ રસ્તા પર જાણે કે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.સમગ્ર ગુજરાતમાં હાલ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે કચ્છમાં પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી છે. માનકુવામાં ભારે વરસાદને કારણે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. અહીંયા ખારેકની વાડીમાં પાણી ભરાઈ જવાને કારણે પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.સતત બે દિવસથી માનકુવામાં અંદાજે ૧૦ ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. બીજી તરફ માંડવીમાં પણ ભારે વરસાદને કારણે અનેક રોડ ધોવાઈ ગયા છે. ભાડીયા અને માંડવીને જોડતો કોઝ વે પણ તૂટી ગયો છે. આ માર્ગ ટાટા અને અદાણીના પાવર પ્લાન્ટને જોડે છે. જેના કારણે અનેક કર્મચારીઓ ત્યાં અટવાઈ ગયા છે.ભારે વરસાદને કારણે કચ્છના મધ્યમ સિંચાઈ યોજનાના ડેમ પણ છલકાઈ ગયા છે. કાયલા ડેમ પણ ઓવરફ્લો થયો છે. આ ડેમમાંથી પાવર પટ્ટીના ઝુરા, જત્તવાંઢ, પાલનપુર અને લોરિયા ગામોમાં સિંચાઈ માટે પાણી જાય છે. માંડવીમાં આજે સવારથી ૧.૮૧ ઈંચ, ભચાઉમાં પણ ૧.૮૧ ઈંચ, અંજારમાં ૦.૯૮ ઈંચ, નખત્રાણામાં ૦.૮૭ ઈંચ અને અબડાસામાં ૦.૫૫ ઈંચ વરસાદ નોંધાયો છે.



જે લોકો નીચાણવાળા વિસ્તારોમાં રહે છે તે લોકોને તંત્ર દ્વારા સલામત સ્થળે ખસવા માટે અપીલ કરવામાં આવી છે. અબડાસાના અનેક ગામોની જીવાદોરી સમાન ડેમ બેરાચીયા પણ ઓવરફ્લો થયો છે. સાથે જ કંકાવટી ડેમ પણ ઓવરફ્લો થયો છે. જેના કારણે અહીંયા લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.ઉલ્લેખનીય છે કે મધ્યમ કક્ષાના અને સિંચાઈ માટેના ડેમ ઓવરફ્લો થતા ખેડૂતોમાં આનંદનો માહોલ છે.

ટેન્ડર પ્રક્રિયામાં કોઈ ક્ષતિ હોઈ કે બીજી કોઈ સમસ્યા હોય

# મનરેગામાં ૨ વર્ષથી નર્મદા જિલ્લામાં એક પણ કામ થયું નથી : સાંસદ મનસુખ વસાવા

I પ્રતિનિધિ, ભરૂચ, તા.૭ I

નર્મદા જિલ્લાની દિશા સમિતિમાં મનરેગાના કામો બાબતે સાંસદે કહ્યું કે ૨ વર્ષથી જિલ્લામાં એક પણ કામ થયું નથી. જે અધિકારીઓ આ બેઠકમાં હાજર રહ્યા નથી તેમના ખુલાસા પણ સાંસદ મનસુખ વસાવાએ માંગવા સૂચના આપી છે. મહત્ત્વની બેઠકમાં અધિકારીઓ હાજર રહેતા નથી તે નહિ ચાલે.નર્મદા જિલ્લામાં દિશા સમિતિની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાના વિકાસકાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી અને વિવિધ કેન્દ્ર સરકારની યોજનાઓના અમલ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાંસદ મનસુખ વસાવાએ જિલ્લામાં ચાલી રહેલા કામો વિશે સમીક્ષા કરી હતી. જેમાં નવી એન્જિનિયરિંગ કોલેજ, આદિવાસી બાળકો અને બાળકીઓ માટે બનતી હોસ્ટેલની કામગીરી સારી થવી જોઈએ એવું સૂચન કર્યું હતું. સાંસદે કહ્યું કે મનરેગા યોજના કોઈકને કોઈ વિવાદમાં આવાના કારણે નર્મદા જિલ્લામાં છેલ્લા ૨ વર્ષ થી મનરેગા ના કોઈ પણ કામ થયા નથી. ટેન્ડર પ્રક્રિયામાં કોઈ ક્ષતિ હોઈ કે બીજી કોઈ સમસ્યા હોય. ભલે અધિકારીઓ કહેતા હોય કે જિલ્લામાં મનરેગામાં કરોડોના કામો થાય પણ સાંસદે કહ્યું કે ૨ વર્ષથી કોઈ કામો થાય જ નથી. નવા ટેન્ડર પાસ થઈ ગયા છે પણ હજુ વર્ક ઓર્ડર આપ્યા નથી, તો વહેલી તકે આપી દેવામાં આવે જેથી મનરેગાના નવા કામો શરૂ થાય. આ નવા કામો ગુણવત્તાવાળા થવા જોઈએ, મનરેગાના કામોમાં તાલુકા કક્ષાએથી જેટલી પણ કાળજી રાખવામાં આવે તે ખૂબ જરૂરી છે.નર્મદા જિલ્લામાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે પણ દિશા સમિતિમાં સાંસદે ટકોર કરી છે.







## ધોળકા પંથકમાં 3 દિવસના વિરામ બાદ ધોધમાર વરસાદ

I પ્રતિનિધિ, બગોદરા, તા.૭ I

ધોળકા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે બપોર પછી અચાનક વાદળછાયા વાતાવરણ બાદ ધોધમાર વરસાદ નોંધાયો છે. ત્રણ દિવસના વિરામ બાદ આવેલા આ વરસાદે સમગ્ર પંથકમાં ખુશીનું વાતાવરણ સર્જ્યું છે. આજે થયેલા વરસાદે ડાંગરને મક્કમ આધાર આપ્યો છે અને ખેડૂતો માટે તે સંજીવની સમાન સાબિત થયો છે.ધોળકા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદે વિરામ લીધા બાદ આજે બપોર પછી અચાનક વાદળ છવાઈ ગયા બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્રણ દિવસ બાદ આવેલા વરસાદથી સમગ્ર પંથકમાં ખુશીની લહેર દોડી ગઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં હાલ ડાંગરની રોપણી કાર્ય ચાલી રહ્યું છે. ખેડૂતોએ ખેતરમાં કામ શરૂ કર્યું.

## કચ્છ ભુજમાં ખાડામાં ડૂબી જવાથી બે લોકોના મોત

I પ્રતિનિધિ, ભુજ, તા.૭ I

ગુજરાતમાં ભારે વરસાદના પગલે નદીનાળા છલકાયા છે. જેના કારણે ડૂબવાની ઘટનાઓમાં બની રહી છે. આ દરમિયાન ભુજના નાગોર રેલવે બ્રિજ નજીક પાણીના ખાડા ડુબવાથી બેના મોત થયા છે. આ ઘટનાની જાણ થતા સ્થાનિક લોકોએ ઘટનાસ્થળે પહોંચીને બંનેના મૃતદેહને બહાર કાઢ્યા હતા. હાલ મૃતદેહને પીએમ અર્થે મોકલ્યા છે.મળતી માહિતી અનુસાર, મૃતકમાં ૧૬ વર્ષીય કિશોરી અને ૧૮ વર્ષીય યુવતી છે. હાલ મૃતદેહને પીએમ અર્થે મોકલ્યા છે અને આ મામલો પોલીસે તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, સાબરકાંઠામાં નાહવા ગયેલા બે યુવકો તણાયા હોવાની ઘટના બની છે. જેમાં એક યુવક સપ્તેશ્વર નદીમાં તણાયો છે, જ્યારે વિજયનગરમાં ધોધ પર સેલ્ફી લેવા જતાં યુવક ડૂબ્યો હતો. ઈડર તાલુકાના આવેલ સપ્તેશ્વર પાસેની સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા નિલેશ દેવજીભાઈ પરમાર નામના યુવાનનો પગ લપસતા જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

### શાળાઓમાં રજા જાહેર કરાઈ I પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો

# નવસારીમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ

**નવસારી શહેર અને ગણદેવીમાંથી સલામતીના ભાગરૂપે ૫૨૦ લોકોનું સ્થળાંતર કરી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા તેમજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી**

I પ્રતિનિધિ, નવસારી, તા.૭ I

હવામાન વિભાગે ગુજરાતના ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન નવસારી જિલ્લાના તમામ ૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે, નવસારી, જલાલપ ોર, વાંસદા, ખેરગામ, ચીખલી, ગણદેવી તાલુકામાં વરસાદ નોંધાયો છે. નવસારી તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પ ગલે શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને આજે (સાતમી જુલાઈ) નવસારી શહેરી વિસ્તારની શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરી છે. નવસારી જિલ્લામાં ભારે વરસાદના કારમે પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થયો છે, શહેરના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે અને ઉપરવાસમાં ભારે વરસાદથી જળસ્તરમાં વધારો થયો છે, અને નીચાણવાળા વિસ્તારના લોકોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ભારે વરસાદને પગલે નવસારી શહેર અને જલાલપોરમાં શૈક્ષણિક કાર્ય બંધની જાહેરાત કરાઈ હતી. પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થતા પ્રશાસને નિર્ણય લીધો હતો.ઉપરવાસ અને જિલ્લામાં વરસાદથી નવસારીમાં પૂરની સ્થિતિ જોવા મળી રહી



છે. નવસારીમાં નીચાણવાળા વિસ્તારમાં નદીના પાણી ઘૂસ્યા હતા. ત્યારે નવસારી શહેર અને ગણદેવીમાંથી સલામતીના ભાગરૂપે ૫૨૦ લોકોનું સ્થળાંતર કરી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા તેમજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.હવામાન વિભાગની આગાહી અનુસાર, સોમવારે નવસારી અને વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઑરેન્જ એલર્ટ અને અમરેલી, ભાવનગર, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.ગુજરાતમાં આ વખતે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર થઈ છે. દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૨૮ ઈંચ સાથે સિઝનનો ૪૭ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. બીજી તરફ સૌરાષ્ટ્રમાં ૪૪ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૪૨.૪૨ ટકા, કચ્છમાં ૪૨ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૩૯ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો વલસાડમાં સૌથી વધુ ૩૮.૫૦ ઈંચ, ડાંગમાં ૩૧.૭૦ ઈંચ સુરતમાં ૨૮.૫૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

## કંડલાના દીનદયાળ પોર્ટ નજીક કેમિકલ ઓફ-લોડ કરી પરત જતા જહાજમાં વિસ્ફોટ

I પ્રતિનિધિ, કંડલા, તા.૭ I

કંડલાના દીનદયાળ બંદરની જેટી નજીક મોટી દુર્ઘટના સર્જાઇ છે. કેમિકલ ખાલી કરવા જઇ રહેલા જહાજમાં બ્લાસ્ટ થયો છે. જહાજમાં ઓઇલની ટેન્ક ફાટતાં જહાજ એક તરફ નમી ગયું હતું, ખૂબ પ્રયત્ન કરવા છતાં આ જહાજ સીધું થઇ શક્યું ન હતું. દુર્ઘટનાની જાણ થતાં કોસ્ટ ગાર્ડ અને પોર્ટ તંત્રએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. જહાજમાં સવાર ૨૧ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત છે. જોકે આ દુર્ઘટનામાં કોઇ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી. પ્રાપ્ત માહિતી અનુસાર કંડલાના દીનદયાળ પોર્ટ પરથી કેમિકલ ખાલી કરીને જહાજ આઉટર તુણા બોય તરફ જઇ રહ્યું હતું. આ દરમિયાન અચાનક બ્લાસ્ટ થયો હતો. ઘટનાની જાણ થતાં પોર્ટ તંત્ર અને કોસ્ટગાર્ડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. જહાજમાં સવાર ૨૧ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લીધા હતા. જોકે જહાજમાં બ્લાસ્ટનું કારણ જાણી શકાયું નથી. કંડલાના દીનદયાળ બંદરની જેટી નજીક મોટી દુર્ઘટના સર્જાઇ છે. કેમિકલ ખાલી કરવા જઇ રહેલા જહાજમાં બ્લાસ્ટ થયો છે. જહાજમાં ઓઇલની ટેન્ક ફાટતાં જહાજ એક તરફ નમી ગયું હતું, ખૂબ પ્રયત્ન કરવા છતાં આ જહાજ સીધું થઇ શક્યું ન હતું. દુર્ઘટનાની જાણ થતાં કોસ્ટ ગાર્ડ અને પોર્ટ તંત્રએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. જહાજમાં સવાર ૨૧ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત છે. જોકે આ દુર્ઘટનામાં કોઇ જાનહા- નિના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

### નદીનો પ્રવાહ તેના મૂળ સ્વરૂપમાં વહેતો થયો હશે

# વડોદરા જિલ્લાની વિશ્વામિત્રીમાં ડ્રેજીંગ બાદ કેટલાક સ્થળે કાંઠા પર ધોવાણ જોવા મળ્યું

I પ્રતિનિધિ, વડોદરા, તા.૭ I

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિશ્વામિત્રી પ્રોજેક્ટ હાથ વધારવામાં આવ્યા બાદ કાંઠા પર પાળાની કામગીરી કરાયા પછી નદીમાં પાણીની આવક થતા અને સપ ાટી વધતા કેટલાક સ્થળે ધોવાણ જોવા મળ્યું છે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી સમિતિના નિષ્ણાતોના કહેવા મુજબ કેટલુંક ધોવાણ અપેક્ષિત હતું, કેમ કે નદીમાં ડ્રેજીંગની કામગીરી કરાયા બાદ નદી તેની પૂર્વ સ્થિતિમાં વહેતી થઈ હોઈ શકે. નદીનો પ્રવાહ તેના મૂળ સ્વરૂપમાં વહેતો થયો હશે. જેના કારણે કાંઠા પરનું ધોવાણ જોવા મળ્યું છે. આમ છતાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. જોકે ડ્રોન કેમેરાથી નદી પર થઈ રહેલા ફેરફારો અંગે નિરીક્ષણ કરવામાં આવી



રહ્યું છે. અગાઉ નિષ્ણાતોની સમિતિએ નદી કાંઠા પર ઉગેલા વૃક્ષો વિના કારણે કાપવામાં ન આવે, તે માટે નિશાનીઓ પણ મૂકી હતી, અને સાવધ કર્યા હતા કે જો આડેધડ કાપણી કરવામાં આવશે તો કાંઠા પરનું ધોવાણ થવાનું જોખમ વધી શકે છે. કોર્પોરેશનના અધિક સીટી એન્જિનિયરે પણ સ્વીકાર્યું છે કે કેટલું ધોવાણ જોવા મળ્યું છે, પરંતુ પરિસ્થિતિ ગંભીર નથી. નદીકાંઠા પર ધોવાણ ન થાય તે માટે મોટા જથ્થામાં જીઓ ટેક્સટાઈલ મટીરીયલ મળવું મોડું થતા મજબૂતીકરણનું કામ કરવામાં વિલંબ થયો છે. આ ઉપરાંત વરસાદ વહેલો શરૂ થતાં અને મજબૂતીકરણ માટે જીઓ ટેક્સટાઈલની કામગીરીનો નિર્ણય મોડો લેવાતા કાંઠા પર મજબૂતીકરણનું કામ વ્યાપક પણે થઈ શક્યું નથી. આમ છતાં જે ઘાસ ઉગાડવાનું કામ કરાયું છે તે વરસાદ વહેલો થતાં કુદરતી રીતે તેનો ઉછેર થઈ શકશે અને કાંઠાની જમીન સેટલ થતાં કુદરતી રીતે પાળા મજબૂત થઈ શકશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિશ્વામિત્રી પ્રોજેક્ટ હાથ વધારવામાં આવ્યા બાદ કાંઠા પર પાળાની કામગીરી કરાયા પછી નદીમાં પાણીની આવક થતા અને સપ ાટી વધતા કેટલાક સ્થળે ધોવાણ જોવા મળ્યું છે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી સમિતિના નિષ્ણાતોના કહેવા મુજબ કેટલુંક ધોવાણ અપેક્ષિત હતું, કેમ કે નદીમાં ડ્રેજીંગની કામગીરી કરાયા બાદ નદી તેની પૂર્વ સ્થિતિમાં વહેતી થઈ હોઈ શકે.

## ઈરાની ગેંગના માસ્ટર માઈન્ડની કરી ધરપકડ, માતાજીના દાનના બહાને પડાવી લેતા હતા દાગીના

I પ્રતિનિધિ, વલસાડ, તા.૭ I

વલસાડ અને આસપાસના જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી અને ચીલઝડપના બનાવ વધી ગયા હતા. અલગ-અલગ વ્યક્તિઓના દાગીના સેરવી લેવાતા હતા. પરંતુ, આ તમામ ગુનાની મોડસ ઓપરેન્ડી એક જ હતી. જેથી, એક જ ગેંગનો હાથ હોવાનો અંદાજ પોલીસને હતો. ગુનો નોંધી વલસાડ પોલીસની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તરખાટ મચાવનાર ઈરાની ગેંગના મુખ્ય આરોપીને પકડી લેવાયો છે. ચોર ટોળકીને પકડવા માટે પોલીસે જે-જે જગ્યાએ બનાવ બન્યા હતા..તે ઘટનાસ્થળ અને તેની આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. ટેકનિકલ સર્વેલન્સની પણ મદદ લેવાઈ હતી. મહારાષ્ટ્ર એક શખ્સ બાઈક લઈ વાપીમાં ચોરી કરવા આવી રહ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. તેના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દમણગંગા બ્રિજ નજીકથી બાઈક લઈ પસાર થતા મુસ્તફા ઉર્ફે બહેરામ સૈયદ નામના આરોપીને ઝડપી લીધો. મુસ્તફા સૈયદ કુખ્યાત ઈરાની ગેંગનો મુખિયો છે. તેના ઈશારે ગેંગના સાગરિતો ગુનાને અંજામ આપતા હતા.ઈરાની ગેંગનો માસ્ટર માઈન્ડ અને તેના સાગરિતો મહારાષ્ટ્રમાં રહે છે.

## વડોદરામાં ચાંપાનેર દરવાજા પાસે પોલીસ વાનની ટક્કરે બાઇક સવાર યુવક ઘાયલ

I પ્રતિનિધિ, વડોદરા, તા.૭ I

વડોદરાના ન્યુ વીઆઈપી રોડ પર નરસિંહ ધામ સોસાયટીમાં રહેતો પ્રતિક નરેશભાઈ સોલંકી ફાયર બ્રિગેડનો ફાયરમેનનો કોર્સ કરે છે. સીટી પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવું છે કે ગઈકાલે સવારે ૮:૦૦ વાગે હું મારા ઘરેથી માંડવી ખાતે મેલડી માતાના મંદિરે દર્શન કરવા માટે નીકળ્યો હતો અને ૯:૩૦ વાગે દર્શન કરી ભરત મારા ઘરે જતો હતો. ચાંપ ાનેર ગેટ પાસેથી હું બાઈક લઈને જતો હતો તે દરમિયાન મારી બાજુમાં એક પોલીસ ઊભી હતી રસ્તા પર જતા એક બહેનને બચાવવા જતા પોલીસવાડના ઝાલા કે મારી બાઈકની ટક્કર મારતા હું અને મારો મિત્ર મિહિર નીચે પડી ગયા હતા.પોલીસનું ટાયર મારા પર ચડી ગયું હતું. આજુબાજુથી લોકોએ દોડી આવી એમ્બ્યુલન્સમાં મને સારવાર માટે મોકલી આપ્યો હતો. ત્યાં મારા મિત્રને કહ્યું કે આ ભાઈની સારવારનો જે પણ ખર્ચ થશે તે હું આપી દઈશ તમે હોસ્પિટલ લઈ જાઓ તેને પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો અને ત્યારબાદ તે જતો રહ્યો હતો. અકસ્માતમાં મને જમણા હાથના ખભા પર ફેક્ચર થયું હતું અને ડાબા હાથની હથેળી તેમજ મોઢા અને છાતીની પાંસળી ઉપર ઈજા થઈ હતી. જમણા પગના ઘૂંટણમાં તથા ગળાના પાછળના ભાગે મણકામાં પણ મને ઈજા પહોંચી હતી.



## સ્ટેન્ડિંગ ચેરમેનને રૂબરૂ 'નોટો' અર્પણ

# જામનગર શહેર પાલિકામાં ભ્રષ્ટાચાર મુદ્દે વિપક્ષનો હલ્લાબોલ । મેયરની ઓફિસે લાગાવ્યો ભ્રષ્ટાચારનો હાર

**મેયર ગેરહાજર હોવાથી વિરોધ પક્ષે તેમની કચેરીના દ્વારને નિશાન બનાવ્યું હતું । મેયરની ચેમ્બરના દરવાજે આવેદનપત્ર ચોંટાડવામાં આવ્યું હતું**






। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના મુદ્દે વિરોધ પક્ષ કોંગ્રેસે આજે નવતર રીતે વિરોધ પ્રદર્શન કરીને ભારે હંગામો મચાવ્યો હતો. ગેરહાજર મેયરની કચેરીના દરવાજે આવેદનપત્ર અને ગંદકીના ફોટા ચોંટાડી તેના પર નકલી ચલણી નોટોનું તોરણ લગાવી વિરોધ કરાયો, જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને રૂબરૂ નકલી નોટો આપીને "જો પ્રજાના કામ પૈસાથી થતા હોય, તો અમે પણ ભ્રષ્ટાચારના રૂપિયા આપવા તૈયાર છીએ" તેવી ટકોર કરી હતી.જામનગર શહેરમાં રસ્તાના કામો અને અન્ય વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા છે. શહેરની અનેક ગલીઓ અને કેનાલો કચરાથી ભરેલી છે, અને રસ્તાઓની હાલત અતિશય ખરાબ બની ગઈ છે, જેના કારણે પ્રજાના પૈસાનો વેડફાટ થઈ રહ્યો છે. આ મુદ્દાઓને લઈને આજે કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકરોએ મહાનગરપાલિકાની કચેરીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.મેયર ગેરહાજર હોવાથી વિરોધ પક્ષે તેમની કચેરીના દ્વારને નિશાન બનાવ્યું હતું. મેયરની ચેમ્બરના દરવાજે આવેદનપત્ર ચોંટાડવામાં આવ્યું હતું, જેમાં ભ્રષ્ટાચારને કારણે શહેરની કથળી ગયેલી હાલતનો ઉલ્લેખ હતો. આ સાથે, એક પ્રતિકાત્મક સંદેશ આપતા, ડુપ્લીકેટ રૂ. ૨,૦૦૦ની ચલણી નોટોનું તોરણ મેયરની ચેમ્બરના દ્વાર પર લગાવવામાં આવ્યું હતું, અને એમ દર્શાવવામાં આવ્યું હતું કે જો પૈસાના જોરે કામ થતા હોય તો વિરોધ પક્ષ પણ "ભ્રષ્ટાચાર રૂપી નોટો" આપવા તૈયાર છે, જેથી જામનગર શહેરને "ગુલાબી" બનાવી શકાય.

આ ઉપરાંત, ખરાબ રસ્તાઓ અને ગંદકીના ફોટા પણ મેયર ચેમ્બરના દરવાજા પર ચોંટાડી વાસ્તવિકતા દર્શાવવામાં આવી હતી.આટલેથી ન અટકતા, વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને અન્ય કોંગી કોર્પોરેટરો તેમજ કાર્યકરો સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાની કચેરીમાં પહોંચ્યા હતા. ત્યાં હાજર ચેરમેનને આવેદનપત્રની એક નકલ આપવામાં આવી હતી અને સાથે જ ડુપ્લીકેટ રૂ. ૨,૦૦૦ની ચલણી નોટો ટેબલ પર પાથરી હતી. આ પ્રતિકાત્મક રીતે તેઓએ જણાવ્યું કે, "જામનગરને ગંદકીના સામ્રાજ્યમાંથી મુક્ત કરાવી આપવા અમે પણ ભ્રષ્ટાચારની રકમ આપવા તૈયાર છીએ."કોંગ્રેસના આ નવતર અને આક્રમક વિરોધ પ્રદર્શને મહાનગરપાલિકાના વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી હતી અને ભ્રષ્ટાચારના મુદ્દાને ફરી એકવાર કેન્દ્રસ્થાને લાવ્યો હતો.જામનગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના મુદ્દે વિરોધ પક્ષ કોંગ્રેસે આજે નવતર રીતે વિરોધ પ્રદર્શન કરીને ભારે હંગામો મચાવ્યો હતો. ગેરહાજર મેયરની કચેરીના દરવાજે આવેદનપત્ર અને ગંદકીના ફોટા ચોંટાડી તેના પર નકલી ચલણી નોટોનું તોરણ લગાવી વિરોધ કરાયો.

## એન.એસ.યુ.આઈ દ્વારા ફેકલ્ટી ડિન સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી

# વડોદરામાં એમસીયુની કોમર્સ ફેકલ્ટીમાં સીટો વધારીને બાકીના ૧૦૨૦ને વિદ્યાર્થીઓને એડમિશન આપવા માગણી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

એમ.એસ યુનિવર્સિટીમાં કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓના એડમિશન મુદ્દે આજે એન.એસ.યુ.આઈ દ્વારા ફેકલ્ટી ડિન સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી. આજે સવારે વિદ્યાર્થી આગેવાનો સૂત્રોચાર કરતા ડિન ઓફિસ ખાતે પહોંચ્યા હતા અને કહ્યું હતું કે હજુ ૧૦૨૦ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહે તેવી સ્થિતિ ઊભી થઈ છે, તો તે તમામને ઓફર લેટર મોકલી પ્રવેશ આપવો જોઈએ અને જરૂર પડે તો સીટમાં પણ વધારો કરવો જોઈએ.વિદ્યાર્થી આગેવાનોનું કહેવું હતું કે ૧૧૦૦ વિદ્યાર્થીઓમાંથી પ્રવેશ માટે માંગ કરતા યુનિવર્સિટી સત્તાધિશોએ માત્ર ૮૦ ને ઓફર લેટર મોકલ્યા છે, તો બાકીના ૧૦૨૦ નું શું? તે સવાલ કરીને કહ્યું હતું કે સેકન્ડ ફેઝમાં પ્રવેશ આપવાનું કહીને માત્ર ૫૪ ને ઓફર લેટર મોકલ્યા હતા. પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ પાસેથી ફૉર્મ દીઠ ૩૦૦ ઉઘરાવી લીધા છે. કોમર્સ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર સુપ્રત કરીને આ પ્રશ્નનો કોઈ નિર્ણય નહીં આવે તો આંદોલન સાથે ફેકલ્ટીને તાળાબંધી કરવાની ચિમકી ઉચ્ચારી હતી. દરમિયાન ફેકલ્ટીના વર્તુળોએ જણાવ્યું હતું કે અગાઉ નક્કી થયા મુજબ ટેકનિકલ એરર અથવા તો ઈન્ટરનેટની તકલીફોના કારણે જે લોકો ફી ભરી શક્યા ન હોય તેઓની તા.૯ જુન સુધીમાં જેટલી એપ્લિકેશનનો આવી હોય તે ચકાસીને એડમિશન આપવું તેવું નક્કી થયું હતું.

## સાબરકાંઠામાં બે કરૂણ ઘટના : સેલ્ફીના ચક્કરમાં સપ્તેશ્વર અને વિજયનગરમાં યુવકો તણાયા, બંનેના મોત

। પ્રતિનિધિ, સાબરકાંઠા, તા.૭ ।

સાબરકાંઠા અને અરવલ્લી પંથકમાં શનિવારે સરેરાશ ૬ ઈંચ વરસાદ અને છેલ્લા ૪ દિવસમાં જ ૧૦ ઈંચ વરસાદ ખાબકતાં નદીઓ અને ઝરણાં જીવંત બન્યા છે અને પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. ચોમાસાની સિઝનની શરૂઆતમાં જ ધોધ જીવંત બનતાં સહેલાણીઓ નાહવા માટે ઉમટી પડે છે. ત્યારે સાબરકાંઠામાં નાહવા ગયેલા બે યુવકો તણાયા હોવાની ઘટના બની છે. જેમાં એક યુવક સપ્તેશ્વર નદીમાં તણાયો છે, જ્યારે વિજયનગરમાં ધોધ પર સેલ્ફી લેવા જતાં યુવક ડૂબ્યો હતો. અરવલ્લી જિલ્લાના ભિલોડા, તાલુકાના પાલ્લા ગામ પાસે આવેલા ઓડ ગામનો આશાસ્પદ યુવક વિજયનગર તાલુકાના કણાદર ગામ નજીક આવેલા ધરતી માતાના વિનિતા મંદિરના દર્શન કરવા ગયો હતો. ગ્રામીણ વિસ્તારમાં મિત્રો જોડે ધરતી માતાના મંદિરે દર્શન કરવા ગયા હતા અને દર્શન કરીને પરત ફરતા મંદિરના પાછળના ભાગમાં આવેલા પ્રાકૃતિક સૌદર્ય ધરાવતા વહેતા ધોધ પર ચડીને મોબાઈલમાં સેલ્ફી લેવાના ચક્કરમાં પથ્થર પર અસહ્ય લીલ હોવાના કારણે યુવકનો પગ લપસી જતાં એકાએકા વહેતા પાણીના ધોધમાં પડવાથી યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું.

## જામનગરના ધ્રોલમાં યુવતીનો આપઘાત : પ્રેમીએ લગ્નના વાયદા કરી ફરી જતાં ભર્યુ પગલું

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગર જિલ્લાના ધ્રોલમાં ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતી એક યુવતીને પ્રેમમાં દગો થયો હતો, અને પ્રેમીએ લગ્નની હા પાડ્યા બાદ ફરી જતાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવાદોરી ટૂંકાવી છે. પ્રેમી અને તેની સાથે અન્ય બે મહિલાઓના ત્રાસ અને મરી જવા માટે મજબૂર કરવા અંગે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના ચામુંડા પ્લોટમાં રહેતી મધુબેન ટાભાભાઈ વાઘેલા નામની ૩૨ વર્ષની યુવતિ કે જેને ધ્રોળના ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા મિલનભાઈ કંટારીયા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો, અને સૌ પ્રથમ લગ્ન કરી લેવાનો વાયદો કર્યો હતો પરંતુ પ્રેમીએ દગો દીધો હતો, અને લગ્ન કરવાનો ઈનકાર કરી દેતાં અને તારે જે કરવું હોય તે કરી લે, મરવું હોય તો મરી જાજે તેમ કહી મરવા માટે મજબુર કરતાં મધુબેને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી.આ બનાવ અંગે ધ્રોલ પોલીસને જાણ થતાં ધ્રોળના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી.રાઠોડ પોતાની ટીમ સાથે બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મધુબેનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં પોલીસે મૃતક યુવતીની માતા લક્ષ્મીબેન ટાભાભાઈ વાઘેલા, કે જેનું નિવેદન નોંધ્યું હતું જેમાં પોતાની પુત્રીને મિલનભાઈ કંટારીયા નામના પ્રેમી અને તેની સાથેની બે મહિલાઓ રેખાબેન રમેશભાઈ ચાવડા તેમજ કંકુબેન દેવજીભાઈ ચાવડા કે જેઓના ત્રાસથી કંટાળીને મધુબેને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત બે મહિલાઓએ પણ તેમાં મદદગારી કરીને ત્રાસ આપ્યો હતો, જેથી તેણીએ વ્યથિત થઈને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનુ પોલીસમાં જાહેર થયું છે.






## તંત્રી લેખ...

# મોંઘવારી હજુ વધુ

દેશમાં મોંઘવારીના કારણે લોકો ખુબ ત્રસ્ત થયેલા છે. સામાન્ય લોકોની તકલીફ મોંઘવારીને લઈને રહેલી છે. આના કારણે લોકોના બજેટ ખોરવાઈ ગયા છે. સારી આવક ધરાવતા લોકો પણ પરેશાન છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગની હાલત કેવી છે તે સમજી શકાય છે. છેલ્લા આઠ વર્ષથી નક્કર પરિણામોની રાહ જોઈ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઈ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઈ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઈ પગલા જાહેર થઈ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઈચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઈને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ન પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સૈનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઈ સરકાર આપવા માંગતી નથી. તમામ ઈચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઈ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઈ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઈન્તજાર છે. નહેરુથી લઈને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે. પરંતુ આ દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. વચન આપવામાં આવ્યા હોવા છતાં પણ છેલ્લા ૬૮ વર્ષમાં બેરોજગારી પણ દુર થઈ નથી અને મોંઘવારી પણ દુર થઈ નથી.

## થોડું હટકે...

# હવે ઇન્સુલિનની ગોળી બની રહી છે

દુનિયાભરમાં આશરે ચાર કરોડ લોકો ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દી છે. આ તમામ દર્દી પૈકી મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પોતાના બ્લડ શુગર લેવલને નિયંત્રિત રાખવા માટે આવા દર્દીને ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પરંતુ હવે વૈજ્ઞાનિક ઈન્સુલિનની ગોળીઓ વિકસિત કરી રહ્યા છે. જેના કારણે ડાયાબિટીસના દર્દીને ઈન્ડેક્શનની પિડાથી રાહત મળી શકશે. ગોળી અને ઈન્જેક્શન વચ્ચે પસંદગી કરવાના વિકલ્પ મળવાની સ્થિતીમાં મોટા ભાગના દર્દી ગોળીને જ પસંદ કરશે તે બાબત તો નક્કી છે. હકીકતમાં હાર્વર્ડ જોન એ પોલસન સ્કુલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ અપ્લાઈડ સાયન્સના શોધ કરનાર લોકોએ કહ્યુ છે કે શરીરમાં ઈન્સુલિનની સપાટી જાળવી રાખવા માટે એક ઓરલ મેથડ વિકસિત કરવામાં આવી છે. જેના મારફતે ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સુલિનના ઈન્જેકશન લેવાની જરૂર પડશે નહી. નિષ્ણાંતોએ કહ્યુ છે કે કેટલાક લોકો તો પિડાથી બચવા માટે ઈન્જેક્શનના ડરથી ઈન્સુલિન લઈ શકતા નથી. પરિણામ એ થાય છે કે શરીરમાં ગ્લાઈસેમિક નિયંત્રણ ખરાબ થઈ જાય છે. જેના કારણે આરોગ્ય સાથે સંબંધિત ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટાઈપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઈન્જેક્શન અથવા તો સોઈ મારઉતે ઈન્સુલિન આપવામાં આવે છે. કારણ કે આ દર્દીઓના શરીરમાં ઈન્સુલિનનુ નિર્માણ થઈ શકતુ નથી. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

# સેનેટાઇજર નથી તો ચિંતાની વાત નથી

કોરોના પર હવે બ્રેકની સ્થિતી આવી ગઈ છે. પરંતુ કોરોનાના કારણે ઘણા બોધપાઠ લેવાની જરૂર છે. કોઈ પણ વાયરસના હુમલાના કેસમાં સાવધી રાખવા માટે કેટલાક ઉપાય ઘરમાં કરી શકાય છે. ઘરમાં સેનેટાઈઝર નથી તો પરેશાન થવાની બિલકુલ જરૂર નથી. અડધી બાલ્ટીમાં ગરમ પાણી કરી લેવાની જરૂર હોય છે અને તેમાં નમક અથવા તો મિઠાની ચાર ચમચી નાંખીને મિક્સ કરી દેવાની જરૂર હોય છે. આ પ્રકારના પાણીથી હાથ, પગ, મો અને નાકના અંદરના હિસ્સાને વારંવાર સાફ ધોવાથી ફાયદો થાય છે. જો આવુ કરવામાં આવે તો કોઈ વાયરસની અસર થશે નહીં. જે લોકોને શરદી અને ઉધરસની તકલીફ છે તે લોકોને પણ સાવધાની રાખવાની જરૂર હોય છે. આના પ્રયોગ કરવાથી આરામ મળે છે. જે લોકોના ગળમાં ખરાશ રહે છે તે લોકો પણ આ પ્રયોગ કરે તો તેમને ફાયદો થાય છે. ગળામાં ખરાશ છે અને ઈન્ફેક્શનની અસર છે તો ગરમ પાણીમાં મીઠુ મિક્સ કરીને તેમાં હલ્દર નાંખીને પીવાથી ફાયદો થાય છે. દાંતોની સમસ્યામા પણ ફાયદો થાય છે. સરસોના તેલમાં કોઈ પણ વાયરસ જીવિત રહી શકે તેમ નથી. તેના તેલમાં એક ચપટી હલ્દર મિલાવીને નાક કાનમાં લગાવવાથી ફાયદો થાય છે. બીજી બાજુ હાલમાં રોગ પ્રતિકારક ક્ષમતા મજબુત રાખવામાં આવે તે જરૂરી છે. ફેફસાની મજબુતી માટે કસરતની સાથે સાથે હેલ્થી ડાઈટ પણ જરૂરી રહે છે. નિયમિત હેલ્થી ડાઈટ લેવાથી શરીરના સેલ્સ સ્વસ્થ રહે છે. ફેફસાના ઈન્ફેક્શનથી બચવા માટે કેટલાક તરીકે રહેલા છે. જે પૈકી એક તરીકો વિટામિન અને પ્રોટીન રીચ ડાઈટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ફેંફસાની મજબુતી માટે કસરત કરવાની જરૂર રહે છે. સામાન્ય અને શાકાહારી ભોજન ફેફસા માટે ઉપયોગી રહે છે. તેમાં વિટામીન, એન્ટી ઓક્સીડેન્ટ ભરપુર માત્રામાં રહે છે. જેના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે.



**લાંબા ગાળે પૃથ્વી પર વિનાશનુ તાંડવ તો ચોક્કસ થશે કારણ કે...**

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઇ જવાની જરૂર છે આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ**

# સુરક્ષાના નામ પર વિનાશને આમંત્રણ

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષથી સાબિતી મળી રહી છે : વિશ્વના દેશો વચ્ચે સ્પર્ધા વચ્ચે ઘણી બેદરકારી રાખી રહ્યા છે જે જોખમી**

વિશ્વના દેશોમાં સુરક્ષા અને વિકાસના નામ પર હથિયારોને લઈને ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે આની સાથે જ પૃથ્વી પર કયામતનુ કાઉન્ટ ડાઉન પણ ચાલી રહ્યુ છે. આ વાત કોઈ અન્ય સામાન્ય લોકો નહી બલ્કે વિશ્વના ટોચના વૈજ્ઞાનિક સ્ટીફન હોંકિગ કબુલી ચુક્યા છે.

સ્ટીફન હોકિંગે થોડાક સમય પહેલા આ અંગેની વાત કરીને તમામને સાવધાન કરવાના પ્રયાસ કર્યા હતા. ગ્લોબલ વોર્મિંગ, જેનેટિકલી એન્જિનિયર્ડ વાયરસ અને ન્યુક્લિયર વોરના કારણે પૃથ્વીના અસ્તિત્વ સામે સંકટ ઉભુ થઈ ગયુ છે તેવા સંકેત તેમણે આપ્યા હતા. વિજ્ઞાનની હાલમા જે રીતે પ્રગતિ થઈ રહી છે તેના કારણે ખતરા વધી રહ્યા છે. વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ. ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઈ જવાની જરૂર છે. આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે. વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ. સુરક્ષાની ચિંતામાં અમે અમારા વિનાશના જ સામાન ભેગા કરી રહ્યા છીએ. જેથી એક વાત તો નક્કી છે કે આગામી ૧૦૦ અથવા તો એક હજાર વર્ષમાં પૃથ્વી પર વિનાશનુ તાંડવ થશે જ. હોલિવુડની ફિલ્મોમાં જ નહી અસલની લાઈફમાં પણ જેનેચિકલી એન્જિનિયર્ડ વાયરસના પ્રકોપને અમે જોઈ ચુક્યા છીએ.



ઈબોલા વાયરસના કારણે અમે આફ્રિકામાં મોતના તાંડવને નિહાળી ચુક્યા છીએ.

વર્ષ ૨૦૧૪-૧૫માં ઈબોલા વાયરસના ફેલાવાના કારણે ભારે મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. ભારે જહેમત ઉઠાવ્યા બાદ તેને અંતે મહા બિમારી બની જવાથી રોકવામાં સફળતા મળી હતી. છતાં હજારો લોકોને જાન ગુમાવી દેવાની ફરજ પડી હતી. જેનેટિકલી રીતે એન્જિનિયર્ડ વાયરસ આના કરતા પણ વધારે તબાહી મચાવી શકે છે. કેટલાક દેશો પોતાની સુરક્ષાના નામે એવા જૈવિક હથિયારો જમા કરી રહ્યા છે જેમાં આ પ્રકારના ઘાતક વાયરસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આનો ઉપયોગ તબાહી સર્જી શકે છે. અમે દરરોજ સામાન્ય રીતે કોઈને કોઈ નવા પડકારોનો સામનો કરી રહ્યા છીએ. કેટલાક ગેસ લીક થવાના બનાવો અમે જોઈ ચુક્યા છીએ. નવા નવા વાયરસ અંગે વાંચી પણ રહ્યા છીએ. હાલમાં સ્કીન કેન્સરની સારવાર માટે ટી-વેક થેરાપીની શોધ કરવામાં સફળતા મળી છે. તેના મુજબ શરીરની પ્રતિરોધક ક્ષમતાને જ વિકસિત કરીને કેન્સરની સામે લડી શકાય છે. પરંતુ હોકિન્સ આ મામલે અમને સાવધાન કરે છે. તેમના કહેવા મુજબ આમા ખુબ જોખમ છે. કારણ કે જીનને મોડીફાય કરવા ઓડે આવનાર સંજોગોને લઈને વધારે વૈજ્ઞાનિક શોધ થઈ નથી.

શંકા છે કે આવા વાયરસનો તોડ કોઈ એન્ટી બાયોટિકની પાસે જ ન હોય. સ્ટીફન હોકિન્સે વર્ષ ૨૦૦૭માં લિયોનાર્ડો ડિ કેપ્રિયોની દસ્તાવેજી ફિલ્મમાં ચિંતા વ્યક્ત કરતા કહ્યુ હતુ કે અમે જાણતા નથી કે ગ્લોબલ વોર્મિંગની સ્થિતી ક્યારેય ખતમ થશે તેમને કહ્યુ છે કે જો સમય રહેતા કોઈ સુધારાના પગલા લેવામાં નહી આવે તો એ દિવસ દુર નથી જ્યારે ધરતી શુક્રની જેમ બની જશે. જ્યા તાપમાન ૨૫૦ ડિગ્રી થઈ જાય છે અને એસિડનો વરસાદ થાય છે. સંકેત બિલકુલ સ્પષ્ટ છે કે ઔદ્યોગિક ક્રાન્તિ બાદ ધરતીનુ સરેરાશ તાપમાન ૦.૮ ડિગ્રી સુધી વધી ગયુ છે. અમે વિકાસ માટે કોલસા અને પેટ્રોલિયમનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છીએ.

આના કારણે કાર્બન ડાઈ ઓક્સાઈડ અને ગ્રીન પ્રભાવ અસર કરનાર કેટલીક ગેસો જન્મ લેશે. વિશ્વના જુદા જુદા ભાગોમાં ગ્લોબલ વોર્મિંગની અસર દેખાવવા લાગી ગઈ છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે માનવીય દરમિયાનગીરીના કારણે અનનીનોની અસર પણ જોવા મળી શકે છે. તેનો સીધો સંબંધ ગ્લોબલ વોર્મિંગથી છે.હવે વધુ સાવધાની જરૂરી છે. ગ્લોબલ વોર્મિંગ જટિલ સમસ્યા અને એક પડકાર તરીકે છે. ગ્લોબલ વોર્મિંગ મામલે ભારત પણ વિશ્વના દેશો સાથે ગંભીર છે. વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ તમામ સામાન્ય લોકોને વધારે જાગૃત થવાની જરૂરીયાત દેખાઈ રહી છે.



**લાલચી સ્કીમોમાં ફસાઇને રોકાણકારો પરસેવાની કમાણી ગુમાવે છે**

**બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે**

# રોકાણકારો રોજ લાખો ગુમાવે છે

**દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું સ્વપ્ન જોનાર ભારત જેવા દેશ માટે રોકાણકારોના હિતમાં નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે**

ભારતની ગણતરી દુનિયાના એવા દેશોમાં થાય છે જ્યાં મૂડીરોકાણકારોના હિત પ્રત્યે વધારે ગંભીરતા નજરે પડતી નથી. અહિં વારંવાર એક પછી એક કૌભાંડો આવતા રહે છે. ક્યારે શારદા કૌભાંડ સપાટી પર આવે છે તો ક્યારે સહારા કૌભાંડ સપાટી પર આવે છે. દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટેનું સ્વપ્ન નિહાળનાર દેશ માટે આ કોઈ શુભ સંકેત નથી અથવા તો લક્ષ્યાંક પણ નથી.

એક ઝડપથી વધતી અર્થવ્યવસ્થા માટે મૂડીરોકાણકારોના હિતોને પ્રાથમિકતા આપવાની બાબત કેમ જરૂરી છે. તેના માટે કયા પગલા લેવા જોઈએ. તેને લઈને જ અમે આજે આ વિષય પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. મૂડીરોકાણકારોના હિતને લઈને અસરકારક નીતિની સાથે સાથે છેતરપિંડી આચરનાર લોકો સામે સાવધાન રહેવામાં આવે તે પણ જરૂરી છે. ઘણા રોકાણકારો દરરોજ પોંજી સ્કીમ અથવા તો આકર્ષક યોજનાઓના સકંજામાં આવીને પોતાની સંપત્તિ ગુમાવી બેસે છે. આવી સ્થિતિથી મૂડીરોકાણકારો સાવધાન રહે તે જરૂરી છેમૂડીરોકાણના માધ્યમથી આવક ઉભી કરવાની ઈચ્છા દરેક વ્યક્તિની હોય છે. આ મૂડીરોકાણ ઘણા પ્રકારના હોઈ શકે છે. જેમાં બેંકમાં જમા, બીન બેન્કીંગ કંપનીઓમાં ફિક્સ ડિપોઝિટ, સામૂહિક



મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ તથા ચીટ ફંડનો સમાવેશ થાય છે. બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે. જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે જ્યારે ચીટ ફંડને કંપની લો બોર્ડના માધ્યમથી રાજ્ય મેનેજ કરે છે પણ મુશ્કેલી એ છે કે આ તમામમાં ખૂબ ઓછા અંતરની સ્થિતિ રહે છે. આ અંતર એટલું ઓછું હોય છે કે સામાન્ય વ્યક્તિ તો ભ્રમમાં અને દુવિધામા મૂકાય જ છે સાથે સાથે પોતે નિયામક સંસ્થાઓ પણ કહી શકે છે કે આ સંસ્થાઓ અમારી હદમાં આવતી નથી.

આ બીજા નિયામકનો મામલો છે. આ ભ્રમ અને અવ્યવસ્થાના લીધે અનેક મૂડીરોકાણની ગતિવિધિને વધુ મજબુતી સાથે આગળ વધાવાની તક મળે છે જે કોઈ પણ રજિસ્ટર્ડ સંસ્થા નથી અને ગેરકાયદેરીતે મૂડીરોકાણની પ્રવૃત્તિ ચલાવે છે.એમ માની લેવા માટેનું કોઈ કારણ નથી કે કોઈ એક મૂડીરોકાણ શ્રેષ્ઠ છે અને બીજા મૂડીરોકાણમાં ખરાબી રહેલી છે. દરેક મૂડીરોકાણમાં કોઈને કોઈ વિશેષતા ગ્રાહકો માટે રહે છે. સાથે સાથે કેટલીક શરતો પણ ઘેરાયેલી હોય છે. કયામાં રોકાણની બાબત સારી છે અને કયામાં રોકાણથી નુકસાન છે. આ બાબત નક્કી કરવાની જવાબદારી મૂડીરોકાણકારોની હોય છે. ઘણી બધી રોકાણની યોજનાઓ હોવાથી મૂડીરોકાણકાર માટે આ બાબતની જાણકારી મેળવવી અશક્ય બની જાય છે કે તે જે મૂડીરોકાણના માધ્યમથી રોકાણ કરે છે તે સંપૂર્ણપણે સુરક્ષિત છે કે કેમ આ કામ રેગ્યુલેટર અથવા તો નિયામક સંસ્થાઓનુ રહે છે. શારદા જેવી પોંજી સ્કીમો અથવા તો ફ્રોડ કંપનીઓ સપાટી પર ન આવે તે જોવાનું કામ રેગ્યુલેટરનું હોય છે. દાખલા તરીકે ચીટ ફંડ યોજનાને સામાન્યરીતે ફ્રોડ મૂડીરોકાણ સમજવામાં આવે છે. પણ વાસ્તવિકતા એ છે કે કેરળ અને તમિળનાડુ જેવા રાજ્યોમાં આ યોજના સફળતાથી ચાલી રહી છે.

આના અંકુશ માટે એક કાયદો બનાવવામાં આવ્યો છે. થોડાક સમય પહેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે તમિળનાડુની ચીટ કંપનીઓની પાસે ત્યાંની બેંકો કરતા પણ વધારે નાણાં છે. આ બાબત એટલા માટે શક્ય બની કે આ રાજ્યમાં ચીટ કંપનીઓ માટે નિયમો ઘણા સારા રાખવામાં આવ્યા છે.

જો કોઈ ચીટ ફંડ કંપની કાયદાની હદમાં રહીને કામ કરે તો તેને પોતાના પૈસાને માત્ર ચાર સ્થાનોમાં ખર્ચ કરવાની મંજૂરી મળે છે. પ્રથમ ચીટ ફંડ ચલાવવા માટે જ્યારે બીજું ચીટ ફંડ કંપનીઓના સભ્યોને ઉછીના નાણાં આપવા. ત્રીજું સ્વીકૃત બોન્ડ અને અન્ય રોકાણમાં રોકાણ કરવા અને ચોથુ બેંકમાં જમા કરવાની મંજુરી મળે છે. ચીટફંડ કંપનીઓ પોતાના પૈસાનો ખર્ચ કાયદાની દૃષ્ટિએ કરી શકવાની સ્થિતિમાં હોતી નથી. પૂર્વ કેન્દ્રિય નાણાં અનેગૃહ પ્રધાન ચિદમ્બરમના પત્નિ નલિનીની હવે પુછપરછ કરવામાં આવનાર છે. તેમાંથી પણ કેટલીક વિગત સપાટી પર આવી શકે છે.



**ચીનને તેની ભાષામાં જ જવાબ આપવાની જરૂર ઉભી થઇ છે...**

**ભારત એક શાંતિપ્રિય દેશ છે, ચીન આર્થિક અને રણનિતી સાથે સંબંધિત પ્રભાવ વધારીને આગળ વધવા માટે ઇચ્છુક છે તે સરહદી વિવાદને લઇને વારંવાર જટિલ સ્થિતી સર્જે છે તે ભારતના નેપાળ જેવા મિત્ર દેશ પર પ્રભાવ વધારીને માનસિક ભય સર્જવાના પ્રયાસ કરે છે**

# ચીનની ચાલાકી : ગુપ્ત રીતે નિર્માણ કામ

**ચીનની ચાલના મુલ્યાંકન બાદ જ પોતાના મોહરાનો ઉપયોગ કરવાની જરૂર : બાજી હમેંશા હાથમાં રાખવા માટે સાવધાની ખુબ જરૂરી છે**

ચીનની ચાલાકી વધી રહી છે. અરૂણાચલપ્રદેશમાં માર્ગ નિર્માણના બહાને ચીની સૈનિકોની ઘુસણખોરી રોજની વાત થઈ ગઈ છે.હાલમાં જ તુતિંગ અને કિવિથમાં ચીની સૈનિકોની ઘુસણખોરી થઈ હતી. સાથે સાથે ત્યાં ભારતીય જવાનોની પેટ્રોલિંગની પ્રક્રિયાની સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે. સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઈને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે. આના માટે ઈતિહાસના પાના ઉથેલવા જોઈએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે. ચીન આને દક્ષિણ તિબેટના હિસ્સા તરીકે ગણે છે. સાથે સાથે જીદ્દી વલણ ધરાવે છે. બીજી બાજુ પ્રાચીનકાળથી જ આ હિસ્સો ભારતનો છે. રામાયણ, વૈદિક કાળ અને મહાભારતના સમયથી જ તેના ભારતમાં હોવાના પુરાવા મળ્યા છે. અમને સમજી લેવાની જરૂર છે



કે ચીન ખુબ વિચારીને રણનિતી પર આગળ વધનાર દેશ છે. તે પોતાની આર્થિક પ્રગતિમાં કોઈ અડચણ ઈચ્છતુ નથી. તેની નીતિ તેના હરિફોને કોઈ પણ રીતે પરેશાન કરવાની રહી છે. પડોશી દેશોના નાગરિકોમાં અવિશ્વાસની ભાવના ઉભી કરવાનો તેનો હેતુ રહ્યો છે. ભારતને ભ્રમમાં મુકીને આગળ વધવા માંગે છે. ચીનની ચાલાકીનો હવે યોગ્ય જવાબ આપવાનો સમય છે. જે રીતે ચેસના ખેલાડી દરેક ચાલનો જવાબ વિચારીને આપે છે તે રીતે ચીનની ચાલનો જવાબ આપવાની જરૂર છે. સરહદ પર ટેન્શનની ચીની ચાલને કોઈ પણ કિંમતે હળવાશથી લઈ શકાય નહી. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વારંવાર ચીની ઘુસણખોરીના સમાચાર આવતા રહે છે. અરૂણાચલપ્રદેશ અને સિક્કિમને લઈને તેની નીતિ પણ હમેંશા પ્રશ્નો ઉભા કરે છે. ચીનની ઘુસણખોરીને હળવાશથી લેવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઈચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઈ જવા માટે પ્રયાસ કરે છે.

ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ સુધી પહોંચીગઈ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે.

આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઈચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઈચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડદોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઈ



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં મુસાફરોને રોકવામાં આવ્યા

# કેદારનાથ યાત્રા બંધ । ભારે વરસાદને કારણે નિર્ણય લેવામાં આવ્યો

। કેદારનાથ,તા.૭ ।

કેદારનાથ યાત્રા સંબંધિત મોટા સમાચાર સામે આવ્યા છે. ભારે વરસાદને કારણે કેદારનાથ યાત્રા બંધ કરવામાં આવી છે. સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં મુસાફરોને રોકવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે હવામાન વિભાગે આજે રુદ્રપ્રયાગ અને ચમોલી જિલ્લાઓ માટે વરસાદની ચેતવણી જારી કરી છે.ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અલકનંદા નદીમાં પાણીનું સ્તર વધ્યું છે. જોકે, નદી હજુ પણ ખતરાના નિશાનથી નીચે વહી રહી છે.ખરેખર, ઉત્તરાખંડમાં આ દિવસોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. તેના કારણે ભૂસ્ખલનની ઘટનાઓ પણ સામે આવી રહી છે. તાજેતરમાં, ભારે વરસાદને કારણે સોનપ્રયાગમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં કેદારનાથથી પરત ફરી રહેલા ૪૦ થી વધુ શ્રદ્ધાળુઓ ફસાયા હતા. જોકે, બાદમાં રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળએ સોનપ્રયાગ ભૂસ્ખલન વિસ્તાર નજીક ફસાયેલા ૪૦ શ્રદ્ધાળુઓને સફળતાપૂર્વક બચાવ્યા હતા.ઉત્તરાખંડમાં સતત વરસાદને કારણે, ઘણા વિસ્તારોમાં વીજળી પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. ઘણા ભાગોમાં પાણી પુરવઠો પ્રભાવિત થયો છે. તાજેતરમાં, બારકોટ નજીક વાદળ ફાટવાની ઘટના પણ બની હતી. કેદારનાથ યાત્રા હિન્દુ ધર્મનું એક મહત્વપૂર્ણ યાત્રાધામ છે, જે ભારતના ઉત્તરાખંડ રાજ્યમાં સ્થિત કેદારનાથ મંદિરમાં કરવામાં આવે છે. આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે.

### રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સોમવાર સવારથી વરસાદ ચાલુ છે

# ભારે વરસાદને કારણે ઉત્તર ભારત ભીંજાયું હિમાચલ-ઉત્તરાખંડમાં રેડ એલર્ટ જારી કરાયું

**હવામાન વિભાગે પશ્ચિમ યુપીના તેરાઈ જિલ્લાઓ જેમાં સહારનપુર, શામલી, બરેલી, પીલીભીત અને ઉત્તરાખંડ અને દિલ્હી એનસીઆરને અડીને આવેલા કુલ ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે**

। નવીદિલ્હી,તા.૭ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સોમવાર સવારથી વરસાદ ચાલુ છે. હવામાન વિભાગે આગામી બે દિવસ પણ હળવા વરસાદની આગાહી કરી છે. દેશના ઘણા ભાગોમાં વરસાદ અને પૂરના કારણે વિનાશ સર્જાયો છે. પર્વતોથી લઈને મેદાની વિસ્તારો સુધી પૂરના કેર દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે.



હવામાન વિભાગે પશ્ચિમ યુપીના તેરાઈ જિલ્લાઓ જેમાં સહારનપુર, શામલી, બરેલી, પીલીભીત અને ઉત્તરાખંડ અને દિલ્હી એનસીઆરને અડીને આવેલા કુલ ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. ઉપરાંત, ૪૭ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણથી ચાર દિવસ સુધી રાજ્યના પૂર્વ ભાગમાં ચોમાસાનો વરસાદ હળવો થવાના સંકેતો છે. આ સમય દરમિયાન, પૂર્વાંચલના વિસ્તારોમાં વાદળોની હિલચાલ સાથે છૂટાછવાયા ઝરમર વરસાદની શક્યતા છે. હાલમાં, અહીં સારા વરસાદની શક્યતા નહિવત્ છે.

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશના ૪૦ થી વધુ જિલ્લાઓમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા અને ભારે વરસાદની આગાહી કરી છે. નોઈડા, ગાઝિયાબાદ, મેરઠ, બાગપત, હાપુડ, મુઝફ્ફરનગર, અમરોહા, મુરાદાબાદ, બરેલી, પીલીભીત, સંભલ, અલીગઢ, મથુરા, હાથરસ, આગ્રા અને લલિતપુરમાં આજે ઘણી જગ્યાએ વરસાદ પડશે. તે જ સમયે, સહારનપુર, બાગપત, મુઝફ્ફરનગર, રામપુર અને બિજનૌરમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

હિમાચલમાં છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલા વરસાદે તબાહી મચાવી છે. હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવા, પહાડ તૂટી પડવા અને અચાનક પૂરના કારણે ભારે નુકસાન થયું છે. મંડી અને ચંબા જિલ્લામાં ફરી વાદળ ફાટવાથી ૫૦ વિઘા જમીન અને પાંચ પુલ ધોવાઈ ગયા છે. હિમાચલ પ્રદેશમાં રેડ એલર્ટ વચ્ચે ચંબા, મંડી અને કાંગડા જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે. સોમવારે પણ રાજ્યના ૧૦ જિલ્લામાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ખરાબ હવામાન અને ભૂસ્ખલનને કારણે રવિવારે પણ રાજ્યમાં ૨૪૩ રસ્તાઓ બંધ રહ્યા. ૨૪૪ વીજળી ટ્રાન્સફોર્મર અને ૨૭૮ પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઈ હતી.

## ઠાકરેનો મરાઠી પ્રત્યેનો પ્રેમ ફક્ત ચૂંટણીનો તમાશો છે : ચંદ્રશેખર બાવનકુલે

। મુંબઇ, તા.૭ ।

મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના વરિષ્ઠ નેતા ચંદ્રશેખર બાવનકુલેએ શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરે પર આકરા પ્રહારો કર્યા. ઠાકરેના મરાઠી પ્રત્યેના પ્રેમને ઢોંગી ગણાવતા તેમણે કહ્યું કે તેમનો વાસ્તવિક એજન્ડા 'મરાઠી' નહીં પણ 'મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન' કબજે કરવાનો છે. આ બધું ફક્ત એક ચૂંટણી નાટક છે જે ચૂંટણી જીતવા માટે કરવામાં આવી રહ્યું છે.ઉદ્ધવ ઠાકરેના તાજેતરના ભાષણ પર કટાક્ષ કરતા બાવનકુલેએ કહ્યું કે વર્લીમાં ઠાકરેએ મરાઠીના નામે સત્તા ગુમાવવાનું ગીત ગાયું છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે ઉદ્ધવ ઠાકરે ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હતા, ત્યારે ૨૦૨૨ માં પ્રથમ વર્ગથી હિન્દી ફરજિયાત કરવાની ભલામણ કેમ સ્વીકારવામાં આવી? બાવનકુલેએ કહ્યું કે 'ઉદ્ધવ ઠાકરેનો મરાઠી પ્રત્યેનો પ્રેમ ત્યારે જ જાગે છે જ્યારે ચૂંટણી નજીક હોય છે. આ તેમનું રાજકીય નાટક છે, જેને જનતા હવે સારી રીતે સમજી ગઈ છે.'તેમણે વધુમાં કહ્યું કે ઠાકરેએ મુંબઈમાં તેમના શાસન દરમિયાન મરાઠી માનુષીઓને હાંસિયામાં ધકેલી દીધા. બાવનકુલેએ આરોપ લગાવ્યો કે શિવસેના (યુબીટી) એ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લાંબા સમય સુધી શાસન કર્યું, પરંતુ મરાઠી લોકો માટે કોઈ નક્કર કાર્ય કર્યું.

## પથ્થરમારા કેસમાં ધરપકડ કરાયેલા નેતાના ફોનમાંથી ૫૦ અશ્લીલ વીડિયો મળી આવ્યા

। બેંગ્લુરૂ, તા.૭ ।

કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. પથ્થરમારા કેસમાં ધરપકડ કરાયેલા હિન્દુ સંગઠનના નેતાના મોબાઈલ ફોનમાંથી ઘણી અશ્લીલ વીડિયો ક્લિપ્સ મળી આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વીડિયોમાં કેટલાક સ્થાનિક રાજકારણીઓ પણ કથિત રીતે સામેલ છે. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ સમિત રાજ ધરેગુડ્ડે તરીકે થઈ છે, જે હિન્દુ જાગરણ વેદિકાના દક્ષિણ કન્નડ એકમના સહ-સંયોજક છે. સમિતની થોડા સમય પહેલા ખાનગી બસ પર પથ્થરમારો કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે જામીન પર છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પથ્થરમારા કેસની તપાસ દરમિયાન જ્યારે સમિત રાજ ધરેગુડ્ડેના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવી ત્યારે પોલીસને ચોંકાવનારી માહિતી મળી. તેના ફોનમાં લગભગ ૫૦ વાંધાજનક વીડિયો મળી આવ્યા હતા, જેમાંથી કેટલાકમાં સ્થાનિક રાજકારણીઓના ચહેરા સ્પષ્ટ દેખાતા હતા.આ નવા ખુલાસા પછી, પોલીસે વાંધાજનક વીડિયો કેસમાં સમિત રાજ ધરેગુડ્ડે વિરુદ્ધ બીજી એફઆઈઆર નોંધી છે. પોલીસ હવે સંપૂર્ણ તપાસ કરી રહી છે કે શું આ વીડિયો આરોપીએ પોતે બનાવ્યા હતા.

### સિબ્બલે બેન્ચને આ અરજીઓ પર ચૂંટણી પંચને નોટિસ જારી કરવા વિનંતી કરી

# બિહાર મતદાર યાદી સુધારણા કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો । અરજીઓની સુનાવણી ૧૦ જુલાઈએ થશે

**વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલના નેતૃત્વમાં અનેક અરજદારો દ્વારા રજૂ કરાયેલી દલીલોની નોંધ લેતા, ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને જોયમલ્યા બાગચીની આંશિક કાર્યકારી દિવસ (પીડબ્લ્યુડી) બેન્ચ ગુરુવારે (૧૦ જુલાઈ) ના રોજ આ મામલાની સુનાવણી કરવા સંમત થઈ**

। નવીદિલ્હી, તા.૭ ।

